# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

## જુન-૨૦૧૨થી ધોરણ-૧૦માં શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકનનો અમલ કરવા બાબત..

જુદાં જુદાં શિક્ષણ બોર્ડ ધ્વારા શિક્ષણ ક્ષેત્રે શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકનનો (SCE) અમલ થઇ રહ્યો છે. દેશમાં ગુજરાત, જમ્મુ અને કાશ્મીર, મધ્યપ્રદેશ, હરિયાણા અને પંજાબ વગેરે રાજયમાં શરૂઆત થયેલ છે. અને બીજા બોર્ડ અમલ તરફ પ્રયત્નશીલ છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ધ્વારા ધોરણ-૯માં જૂન-૨૦૧૧થી નવું માળખું તૈયાર કરી શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન (SCE) શરૂ કરેલ છે. હવે જુન-૨૦૧૨થી ધોરણ-૧૦માં અમલ કરવાનો થાય છે.

શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન (SCE)થી વિદ્યાર્થીના વ્યક્તિત્વના સર્વાંગી વિકાસ થાય છે. મૂલ્યાંકન કરતાં પહેલા વર્ગખંડમાં જરૂરી શિક્ષણ મળે તે જરૂરી છે. વિદ્યાર્થીમાં રહેલી પ્રતિભાને ઓળખી તેનો વિકાસ કરવાની તક વિદ્યાર્થીને પ્રાપ્ત કરાવવાની થાય છે. કૌશલ્યને ઓળખી તેને પોષણ મળે તેવા પ્રયત્ન શાળા કક્ષાએ થાય અને વિદ્યાર્થીઓમાં સ્વંયશિસ્ત અને સ્વવિકાસ માટેનાં વિચારોને પ્રોત્સાહન મળે તે માટે રચનાત્મક પધ્ધતિનો ઉપયોગ કરીને મૂલ્યાંકન કરવામાં આવે છે. શાળા કક્ષાએ ભયમુકત વાતાવરણ મળે અને શિક્ષણ-પ્રશિક્ષણની પ્રક્રિયા દરમ્યાન અભ્યાસક્રમમાં રહી જતી કચાશને ઓળખી તેને દુર કરવા ઉપચારાત્મક શિક્ષણની તક પુરી પાડવામાં આવે છે.

**<u>શૈક્ષણિક (Scholastic) વિષયોનું મૂલ્યાંકનઃ</u>**

**મૂલ્યાંકનઃ** શિક્ષણની પ્રક્રિયા દરમ્યાન વિવિધ પરિબળોની ક્ષમતા, પ્રભાવશીલતા અને પરિણામોના વિશ્લેષણ વ્યાખ્યાયિત કરવાની પ્રક્રિયા એટલે મૂલ્યાંકન.

શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકનના પ્રકાર (૧) શૈક્ષણિક મૂલ્યાંકન (Scholastic) અને સહ-શૈક્ષણિક (Co-Scholastic) મૂલ્યાંકન શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકનમાં શૈક્ષણિક ક્ષેત્રનું મૂલ્યાંકન વિવિધ પ્રકારે કરવાનું છે.

(૧) **F.A. Formative Assessment**

(૨) **S.A. Summative Assessment**

- ધોરણ-૧૦ના વિષય માળખામાંથી વિદ્યાર્થીએ પસંદ કરવાના સાત વિષયો પૈકી નીચેના પાંચ વિષયોની પરીક્ષા બોર્ડ ધ્વારા લેવામાં આવશે.

  (૧) ગુજરાતી-૦૧ (પ્રથમ ભાષા) (૨) અંગ્રેજી-૦૪ (પ્રથમ ભાષા) (૩) સામાજિક વિજ્ઞાન-૧૦ (૪) વિજ્ઞાન અને ટેકનોલોજી-૧૧ (૫) ગણિત-૧૨ (૬) ગુજરાતી-૧૩ (દ્વિતિય ભાષા) (૭) અંગ્રેજી-૧૬ (દ્વિતિય ભાષા)

- તેમજ વિષય માળખાં મુજબ શાળાકક્ષાએ બે વિષયોની પરીક્ષા લેવાની રહેશે.

**<u>આંતરિક મૂલ્યાંકનઃ</u>**

- સાત વિષયોનું સમગ્ર શૈક્ષણિક વર્ષ દરમ્યાન શાળા કક્ષાએ ફોર્મેટીવ એસસમેન્ટ (રચનાત્મક મૂલ્યાંકન) કરવામાં આવશે.

- ફોર્મેટીવ એસસમેન્ટ F.A ધ્વારા જે તે વિષયોનું અધ્યયન-અધ્યાપન પ્રકિયા દરમ્યાન વિદ્યાર્થીઓને અનુકુળ પડે તે સમયે, વધુ રસ પડે તે પધ્ધતિથી મૂલ્યાંકન કરવાનું રહેશે. જેમાં 8 થી 10 પ્રવિધિઓથી મૂલ્યાંકન કરવાનું રહેશે. (પત્રક સામેલ છે.) (લેખિત/ મૌખિક પ્રકારનું)
- પ્રથમ સત્રમાં F.A -1 F.A -2 50 ગુણનું તથા દ્રિતીય સત્રમાં F.A-3 F.A-4 50 ગુણનું રહેશે. દરેક F.A માટે સમયગાળો આશરે 45 દિવસનો રહેશે.
- F.A માટે દરેક વિષયના પત્રકો અલગથી અનુસૂચિ દ્વારા દર્શાવાશે .
- પ્રથમ સત્રાંતે 100 ગુણનું S.A-1 સત્રાંત મૂલ્યાંકન બીજા સત્રમાં પ્રિલીમ સ્વરૂપે 100 ગુણનું S.A.-2 સત્રાંત મૂલ્યાંકન કરવાનું રહેશે. દરેક S.Aમાં મેળવેલ ગુણના 50 ટકા ગણવાના રહેશે.
- આમ

| | | |
|---|---|---|
| | F.A-1+ F.A-2 | = 50 |
| | S.A-1 | = 50 |
| | F.A-3+ F.A-4 | = 50 |
| | S.A-2 | = 50 |
| | **Total** | **200** |

ઉકત રચનાત્મક મૂલ્યાંકનના ૨૦૦ ગુણમાંથી મેળવેલ કુલ ગુણનું ૨૦ ટકા માં રૂપાંતર કરવાનું રહેશે.

**<u>મુલ્યો અને જીવન કૌશલ્યોનું મુલ્યાંકનઃ</u>**

ધોરણ-૧૦ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં મૂલ્યો અને કૌશલ્યોનો વિકાસ થાય તે માટે ધોરણ-૧૦ માં 5 પાંચ મૂલ્યો અને 5 પાંચ જીવન કૌશલ્યો મૂકવા અને તેનું ગુણાત્મક મૂલ્યાંકન કરવું તથા તે મૂલ્યાંકનને ગુણપત્રકમાં સ્થાન આપવું. સમગ્ર વર્ષ દરમિયાન શાળાના આચાર્યશ્રી શિક્ષકોની મદદથી પંચ બિંદુ ક્રમ માપ દંડનો ઉપયોગ કરી પારદર્શી રીતે તેનું મૂલ્યાંકન કરશે. સમગ્ર વર્ષ દરમિયાન ૫૦ ગુણમાંથી તેનું મૂલ્યાંકન થશે.

- સમગ્ર રીતે નીચે મુજબના ગુણ બોર્ડના ગુણપત્રકમાં દર્શાવવામાં આવશે.

(૧) શૈક્ષણિક વર્ષના અંતે બોર્ડ દ્વારા નકકી કરેલા પરિરૂપ મુજબ ૧૦૦ ગુણની પરીક્ષા લેવામાં આવશે. - જેમાં દરેક વિષયમાં વિદ્યાર્થીએ મેળવેલા ગુણને ૭૦% ભારાંક આપી ૭૦ ગુણમાંથી મેળવેલા ગુણ દર્શાવવાના રહેશે. ૭૦ ગુણના 33% એટલે કે ૨૩ ગુણ મેળવવાના ફરજીયાત રહેશે.

(૨) આંતરીક મૂલ્યાંકનના જે તે વિષયના ૨૦ ગુણમાંથી મેળવેલ ગુણ દર્શાવવાના રહેશે અને ૨૦ ગુણના 33% એટલે કે ૦૭ ગુણ મેળવવા ફરજીયાત રહેશે

(3) મુલ્યો અને જીવન કૌશલ્યોનું મુલ્યાંકનના ૫૦ ગુણમાંથી મેળવેલ ગુણ દર્શાવવાના રહેશે. અને ૫૦ ગુણના 33% એટલે કે ૧૭ ગુણ મેળવવા ફરજીયાત રહેશે.

આમ, વિદ્યાર્થીએ દરેક વિષયના ઉકત દર્શાવેલ વિગત મુજબના નિયત 33 ગુણ ઉત્તીર્ણ થવા માટે મેળવવાના રહેશે.

સદર બાબત સરકારશ્રીને વંચાણે અને મંજુરી અર્થે મોકલવાનું અને આનો ડ્રાફટ બોર્ડની વેબસાઇટ પર મુકી અને જિલ્લા શિક્ષણાધિકારી મારફતે સારી નામાંકિત શાળાઓને મોકલી અને ૧૫ દિવસમાં સુચનો મેળવવા વિનંતી કરવા અને ત્યારબાદ આવેલ સુચનો પર આગામી શૈક્ષણિક-પરીક્ષા સમિતિમા ચર્ચા કરી અંતિમ નીતિ નકકી કરવા ઠરાવવામાં માં આવ્યું.

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
# ગાંધીનગર.

આજ રોજ તા.૪-૧-૨૦૧૨ના બુધવારે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરના સમિતી ખંડમાં ધોરણ-૧૦ માં જૂન-૨૦૧૨ થી SCE ના અમલીકરણ અંગેના પ્રારૂપ ડ્રાફટિંગ કમિટી ના નીચે જણાવેલ સભ્યો ઉપસ્થિત રહયા હતાં. અને સર્વાનુમતે આ સાથે દર્શાવેલ ડ્રાફટ તૈયાર કરવામાં આવેલ છે. જે આપશ્રીને સોંપવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૧. | શ્રી કિરીટભાઇ જોષી | દિવાન બલ્લુભાઇ શાળા,અમદાવાદ. |
| ૨. | શ્રી રાકેશભાઇ જૈન | ઉન્નતિ વિદ્યાલય,વડોદરા. |
| ૩. | શ્રી હિતેન્દ્રભાઇ ત્રિવેદી | સી.એન. વિદ્યાલય, અમદાવાદ |
| ૪. | શ્રી રામજીભાઇ દેસાઇ | બોર્ડ સભ્યશ્રી |
| ૫. | શ્રીમતી રેખા મિશ્રા | નવરચના સ્કુલ, વડોદરા |
| ૬. | શ્રીમતી સોનલ વર્મા | નવરચના સ્કુલ, વડોદરા. |

ધોરણ-૧૦ માં જૂન-૨૦૧૨ થી શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન (SCE)ના અમલીકરણનું પ્રારૂપઃ- (માળખું)

**<u>પ્રસ્તાવનાઃ-</u>**

ભારત વર્ષમાં છેલ્લા કેટલાક વર્ષોથી જુદાં જુદા શિક્ષણ બોર્ડ ધ્વારા શિક્ષણ ક્ષેત્રે સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન નો (SCE ) અમલ કર્યો છે. દેશમાં ગુજરાત, જમ્મુ અને કાશ્મીર, મધ્યપ્રદેશ, હરિયાણા અને પંજાબ રાજય શિક્ષણ બોર્ડ ધ્વારા તેનો અમલ થયો છે. અને બીજા બોર્ડ અમલ તરફ પ્રયત્નશીલ છે. ગુજરાત બોર્ડ ધ્વારા ધોરણ-૯ માં જૂન-૨૦૧૧ થી SCE નો અમલ જુદી રીતે નવું માળખું તૈયાર કરી શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન SCE સ્વરૂપે કરેલ છે.

પાયલોટ પ્રોજેકટમાં બોર્ડને મળેલ વાલી અને વિદ્યાર્થીઓના હકારાત્મક પ્રતિભાવ તેમજ વર્ષ દરમ્યાન પાયલોટ પ્રોજેકટ શાળાઓના અનુભવને આધારે જૂન-૨૦૧૧ થી રાજયની તમામ ગ્રાન્ટેડ/નોન ગ્રાન્ટેડ સરકારી માધ્યમિક શાળાઓમાં અમલ કરવામાં આવેલ છે. અભ્યાસક્રમને બે વિભાગમાં વહેંચીને સેમેસ્ટરનું રૂપ આપી વિદ્યાર્થીઓને ગોખણ પટ્ટીમાથી મુક્તિ મળે તેમજ વિદ્યાર્થીઓને વર્ષાંતે આવતી પરીક્ષા ની ચિંતામાંથી મુકિત મળે અને શિક્ષણ ભાર વગરનું બને તેવો હેતુ રાખવામાં આવેલ છે. શિક્ષણ અને મૂલ્યાંકન માટે ની પ્રવિધિઓની સરળ સમજ સાથે વિદ્યાર્થીઓનું વર્ગખંડમાં ગુણાત્મક મૂલ્યાંકન થઇ શકે તેમજ સતત શિક્ષણની સાથે સતત મૂલ્યાંકન થતું રહે તેના પર આ મૂલ્યાંકન પધ્ધતિ ભાર મૂકે છે.

ધોરણ-૧૦ ની પરીક્ષા બોર્ડ ધ્વારા લેવામાં આવે છે. તે માટે જરૂરી સંશોધન કરી SCE ને યોગ્ય રૂપે અમલમાં મૂકવાનો વિધાયક પ્રયત્ન કરવામાં આવેલ છે.

**<u>શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન ની સંકલ્પનાઃ-</u>**

આ પધ્ધતિ વિદ્યાર્થીના વ્યક્તિત્વ ના સર્વાંગી વિકાસ પર ભાર મૂકે છે. મૂલ્યાંકન કરતાં પહેલા વર્ગખંડમાં જરૂરી શિક્ષણ મળે તે જરૂરી બાબત છે. વિદ્યાર્થી માં રહેલી પ્રતિભાને ઓળખી

તેનો વિકાસ કરવાની તક પ્રાપ્ત થાય છે. કૌશલ્યને ઓળખી તેને પોષણ મળે તેવા પ્રયત્ન શાળા કક્ષાએ થાય છે. અભ્યાસક્રમના મુલ્યો, જીવન કૌશલ્યો વગેરેને હકારાત્મક દિશામાં વિકાસ થાય છે. વિદ્યાર્થીઓમાં સ્વંયશિસ્ત અને સ્વવિકાસ માટે નાં વિચારોને પ્રોત્સાહન મળે છે. મૂલ્યાંકન માટે રચનાત્મક પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે. શાળા કક્ષાએ ભયમુકત વાતાવરણ મળે છે. અને શિક્ષણ-પ્રશિક્ષણની પ્રક્રિયા દરમ્યાન અભ્યાસક્રમમાં રહી જતી કચાશને ઓળખી તેને દુર કરવા ઉપચારાત્મક શિક્ષણની તક પુરી પાડવામાં આવે છે.

સદર સંકલ્પનાંનો ઉપયોગ કરવા બે પ્રકારની મૂલ્યાંકન પધ્ધતિનો ઉપયોગ થાય છે.

(૧) F.A. Formative Assessment

(૨) S.A. Summative Assessment

**રચનાત્મક મૂલ્યાંકનઃ-Formative Assessment (FA)**

વિદ્યાર્થીને શીખવવામાં આવેલ અભ્યાસક્રમના કોઇ ચોક્કસ એકમનું ભય વિનાના અને પ્રોત્સાહક વાતાવરણમાં રચનાત્મક પધ્ધતિથી કરવામાં આવતું મૂલ્યાંકન એટલે રચનાત્મક મૂલ્યાંકન (FA) રચાનાત્મક મૂલ્યાંકનનો મુખ્ય હેતુ અભ્યાસક્રમના કોઇ ચોક્કસ એકમનું શિક્ષણકાર્ય કર્યા બાદ વિદ્યાર્થીઓને તે કેટલા અંશે સમજાયું છે તેનું નિદાન કરવાનું અને સંબંધિત એકમમાં નિશ્ચિતી સ્તર સુધી વિદ્યાર્થીઓને લઇ જવા માટે કેટલી કચાશ રહી છે તેનું મૂલ્યાંકન શિક્ષક જાતે કરે અને જરૂર જણાય તો ઉપચારાત્મક શિક્ષણ આપવા માટેની પૂર્વભૂમિકા તૈયાર કરવાનો છે.

**સત્રાંત મૂલ્યાંકનઃ- Summative Assessment (SA)**

દરેક સત્રના અંતે થનાર મૂલ્યાંકનને સત્રાંત મૂલ્યાંકન (SA) તરીકે ઓળખવામાં આવે છે. આ મૂલ્યાંકન આપણી પ્રણાલિકાગત પરીક્ષા જેવી પેન-પેપર-પેન્સિલનો ઉપયોય કરી કરવાનું રહેશે.

આ પ્રકારના મૂલ્યાંકનમાં ગોખણપટ્ટીને બદલે સમજશકિત, તર્કશકિત, વિશ્લેષ્ણાત્મકશકિત, સર્જનાત્મકશકિત વગેરે ચકાસી શકાય તે પ્રકારના પ્રશ્નોનો સમાવશે કરવો.

૨. હેતુઓઃ

૧. વિદ્યાર્થીઓમાં ઉદભવતો બિન જરૂરી માનસિક તનાવ દૂર થાય.

૨. વિદ્યાર્થી સ્વ-અધ્યયન અને સ્વ-મૂલ્યાંકન કરતો થાય.

૩. વિદ્યાર્થીઓમાં સંશોધનાત્મક અભિગમ કેળવાય અને ક્રિયાત્મક શિક્ષણ મેળવે.

૪. વિદ્યાર્થીઓમાં જીવન કૌશલ્યો વિકસે તથા મૂલ્યોનું ઘડતર થાય.

૫. પૂર્વ શિક્ષણ (અગાઉ મેળવેલ જ્ઞાન)નો ઉપયોગ હાલના શિક્ષણ સાથે અનુબંધ કેળવે.

૬. વિદ્યાર્થીમાં રહેલી પ્રતિભાઓને ઓળખી તેનો વિકાસ કરવાની તક પ્રાપ્ત થાય.

૭. વિદ્યાર્થીના વ્યકિતત્વના સર્વાંગી વિકાસ પર ભાર મુકાય.

૮. નિદાનાત્મક અને ઉપચારાત્મક શિક્ષણ મળવાથી વિદ્યાર્થી તેની ક્ષમતા પ્રમાણે સિધ્ધિ પ્રાપ્ત કરે.

**કાર્યપધ્ધતિઃ-**

- વિદ્યાર્થીઓનું સમગ્ર શૈક્ષણિક વર્ષ દરમ્યાન શૈક્ષણિક તેમજ સહ-શૈક્ષણિક મૂલ્યાંકન કરવામાં આવશે.

**શૈક્ષણિક મૂલ્યાંકન ( Scholastic Evaluation )**

* ફરજીયાત પાંચ વિષય (૧) પથમ ભાષા (૨) દ્વિતીયભાષા (૩) સામાજિક વિજ્ઞાન (૪) ગણિત (૫) વિજ્ઞાન ટેકનોલોજી
ઉપરોકત પાંચ વિષયોની પરીક્ષા બોર્ડ ધ્વારા લેવાશે.
- વૈકલ્પિક વિષયોની પરીક્ષા બોર્ડના પરીરૂપ પ્રમાણે શાળા કક્ષાએ લેવાશે અને જે તે વિષયોમાં વિદ્યાર્થીએ મેળવેલ ગુણને ગ્રેડમાં રૂપાંતર કરી બોર્ડની માર્કશીટમાં દર્શાવાશે.
- ફરજિયાત પાંચ તેમજ બે વૈકલ્પિક વિષયો તેમ કુલ સાત વિષયોનું મૂલ્યાંકન સમગ્ર શૈક્ષણિક વર્ષ દરમ્યાન થશે જેમાં દરેક વિષયમાં ઓછામાં ઓછા ૩૩ ટકા ગુણ હશે તો વર્ગ-બઢતી માટે લાયક ગણાશે.

* **શાળાકીય આંતરિક મૂલ્યાંકન**
- ફરજિયાત પાંચ વિષયોનું સમગ્ર શૈક્ષણિક વર્ષ દરમ્યાન શાળા કક્ષાએ ફોર્મેટીવ એસસમેન્ટ (રચનાત્મક મૂલ્યાંકન) કરવામાં આવશે.
- ફોર્મેટીવ F.A ધ્વારા જે તે વિષયોનું અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા દરમ્યાન વિદ્યાર્થીઓને અનુકુળ પડે તે સમયે, વધુ રસ પડે તે પધ્ધતિથી મૂલ્યાંકન કરવાનું રહેશે. જેમાં 8 થી 10 પ્રવિધિઓથી મૂલ્યાંકન કરવાનું રહેશે.
- પ્રથમ સત્રમાં F.A -1 F.A -2 તથા દ્વિતીય સત્રમાં F.A-3 F.A-4 થશે દરેક F.A માટે સમયગાળો આશરે 45 દિવસનો રહેશે.
- F.A-1 F.A-2 =50 ગુણ , F.A-3 + F.A-4 50 ગુણ
- F.A માટે દરેક વિષયના પત્રકો અલગથી અનુસૂચિ દ્વારા દર્શાવાશે .
- પથમ સત્રાંતે 100 ગુણનું S.A સત્રાંત મૂલ્યાંકન બીજા સત્રમાં પ્રિલીમ સ્વરૂપે 100 ગુણનું S.A સત્રાંત મૂલ્યાંકન કરવાનું રહેશે. દરેક S.A માં મેળવેલ ગુણના 50 ટકા ગણવાના રહેશે.
- આમ

| | | |
|---|---|---|
| F.A-1+ F.A-2 | =50 | |
| S.A-1 | = 50 | આમ રચનાત્મક મૂલ્યાંકનના ૨૦૦ ગુણમાંથી |
| F.A-3+ F.A-4 | = 50 | મેળવેલ કુલ ગુણનું ૨૦ ટકા માં રૂપાંતર કરવાનું |
| S.A-2 | = 50 | રહેશે. જે બોર્ડના ગુણપત્રકમાં દર્શાવાશે. |
| **Total** | **200** | |

**ધોરણ-10 માં**

શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન રચનાત્મક (SCE) અને સત્રાંત મૂલ્યાંકન માટે કેટલીક માર્ગદર્શક સૂચનાઓ.

- પ્રથમ સત્ર- ઓકટોબરમાં પૂર્ણ થશે.
- પ્રથમ સત્રમાં રચનાત્મક મૂલ્યાંકન (F.A ) સત્રાંત મૂલ્યાંકન (S.A )
  FA -1/ FA-2 + SA-1
  દ્વિતીય સત્રમાં- ફેબ્રુઆરી બીજા અઠવાડિયા સુધીમાં પૂર્ણ કરવું.
- FA-3/FA-4 +SA-2 ( પ્રિલિમ પરીક્ષા)
- FA- માં જે તે વિષયમાં ઓછામાં ઓછા 10 લેખીત / મૌખિક પ્રકારના મૂલ્યાંકન 10-10 ગુણના કરવાના રહેશે. જેના કુલ 100 ગુણ હશે. જે ને 50 ટકામાં રૂપાંતરિત કરવાનું રહેશે.
- SA-1 પ્રથમ સત્રાંત મૂલ્યાંકન લેખિત પરીક્ષા 100 ગુણની બોર્ડ પ્રશ્નપત્રના પરિરૂપ મુજબ લેવાની રહેશે. જે ને 50 ટકામા રૂપાંતરિત કરીને ગુણ મૂકવાના રહેશે.
- આમ પ્રથમ સત્રમાં FA ના 50 ટકા + SA ના 50ટકા = 100 ટકા મૂલ્યાંકન થશે. તેવીજ રીતે બીજા સત્રમાં અને FA-3/ FA-4 અને SA-2 પરીક્ષા ઉપર દર્શાવ્યા મુજબ લેવાની રહેશે.

હવે દરેક વિષયમાં FA મૂલ્યાંકન માટે જુદી જુદી પ્રવિધિઓ નો ઉપયોગ કરી નીચેના કોઠા પ્રમાણે તૈયાર કરવાનું રહેશે.

વર્ષ દરમ્યાન શાળા કક્ષાએ કુલ 200 ગુણનું મૂલ્યાંકન કરી તેને ૨૦ % માં રૂપાંતર કરી ને ૨૦ ટકા પ્રમાણે મેળવેલ ગુણ શાળાએ બોર્ડને મોકલવાના રહેશે.

| I-Term | FA-1/FA-2 50% | SA-1 50 | Total-100 | Grand Total-200માંથી 20%માં રૂપાંતરિત કરી બોર્ડને મોકલવા |
|---|---|---|---|---|
| II-Term | FA-3/FA-4 50 | SA-2(Prelim) 50 | 100 | |

**<u>સહ અભ્યાસિક પ્રવૃતિના મૂલ્યાંકનનું ગુણાંકન :-</u>**

ધોરણ-૧૦ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં મૂલ્યો અને કૌશલ્યોનો વિકાસ થાય તે જરૂરી છે. કારણ કે બાળપણમાં સિંચેલા સંસ્કારો ભવિષ્યમાં સારા નાગરિકોનું નિર્માણ કરી શકે, રાજ્ય સરકારનો અભિગમ રહ્યો છે કે માત્ર શિક્ષણ નહીં પરંતુ ગુણવત્તા યુકત અને સંસ્કાર યુકત શિક્ષણ એજ સાચુ શિક્ષણ છે સાથે-સાથે જીવંન જીવવા માટે જરૂરી કૌશલ્યો પ્રાપ્તકરે અને તે માટેની શરૂઆત માધ્યમિક શિક્ષણથી થશે તો તે વધું ઉપકારક નિવડશે તેવું માનવું છે. સમાજ અને વિશ્વમાં મૂલ્યો અને કૌશલ્યોમાં અનેકવિધતા રહેલી છે. અને બધાંજ મૂલ્યો કે બધાંજ કૌશલ્યો વિદ્યાર્થીને એક વર્ષમાં શીખવી શકાય નહી. પરંતે તેનો અર્થ એ નથી કે તેની શરૂઆત ન કરવી. તેથી ધોરણ-૧૦માં ૫ પાંચ મૂલ્યો અને ૫ પાંચ જીવન કૌશલ્યો મૂકવા અને તેનું ગુણાત્મક મૂલ્યાંકન કરવું તથા તે મૂલ્યાંકન ગુણપત્રકમાં સ્થાન આપવું તેમ નકકી કરવામાં આવ્યું આ સાથે સમાવિષ્ટ મૂલ્યો અને જીવન કૌશલ્યો તથા તે માટેનાં વિધાનો તથા મૂલ્યાંકન પ્રક્રિયાની વિગતો સામેલ છે. સમગ્ર વર્ષ દરમિયાન શાળાના આચાર્યશ્રી શિક્ષકોની મદદથી પંચ બિંદુ ક્રમ માપ દંડનો ઉપયોગ કરી પારદર્શી રીતે તેનું મૂલ્યાંકન કરશે. સમગ્ર વર્ષ દરમિયાન

૫૦ ગુણ માંથી તેના ગુણ નિયત કરી બોર્ડને મોકલી આપશે  સમગ્ર રીતે નીચે મુજબ ના ગુણ બોર્ડના ગુણપત્રકમાં દર્શાવાશે.

(૧) બોર્ડ ધ્વારા લેવાતી ૧૦૦ ગુણની વાર્ષિક પરીક્ષામાં મેળવેલ ગુણને ૭૦ ટકામાં રૂપાંતરિત કરી મેળવેલ ગુણ ૭૦ માંથી.

(૨) શાળાકીય આંતરિક મૂલ્યાંકન FA-1, FA-2. FA-3 ,FA- 4, SA-1, SA-2 ના  કુલ ૨૦૦ ગુણમાંથી મેળવેલ ગુણને ૨૦ ટકામાં રૂપાંતરિત કરી મેળવેલ ગુણનાં ૨૦ ટકા .

(3) મૂલ્યો અને જીવન કૌશલ્યોનું  મૂલ્યાંકન કરી કુલ ૫૦ માંથી મેળવેલ ગુણ. ગુણપત્રકમાં નીચે મુજબની પરિસ્થિતિ થશે.

| | | | |
|---|---|---|---|
| ૧. | મુખ્ય પાંચ વિષય ૪ ૭૦ | = | ૩૫૦ ગુણ |
| ૨. | મુખ્ય પાચ વિષયનાં ૪ ૨૦<br>શાળાકીય આંતરિક મૂલ્યાકન | = | ૧૦૦ ગુણ |
| 3. | મૂલ્યો અને જીવન કૌશલ્યના ગુણ(કુલ) | = | ૦૫૦ ગુણ |
| | | **કુલ-** | **૫૦૦ ગુણ.** |

- શાળા ધ્વારા લેવાતી (વૈકલ્પિક વિષયોની) પરીક્ષાના બે વિષયના ગુણ ૪ ૧૦૦ =૨૦૦ ગુણ.

# SCE માં વિષય દીઠ તેમજ સત્ર દીઠ Formative Assessment ( FA)નું મૂલ્યાંકન પત્રક.

વિષયઃ- ભાષા (ગુજરાતી)અંગ્રેજી/હિન્દી/સંસ્કૃત)  શાળા કક્ષાએ

| અ.નં. | વિદ્યાર્થીનું નામ | મૂલ્યાંકન ક્ષેત્ર (પ્રવિધિઓ) | | | | | | (લેખિત / મૌખિક મૂલ્યાંકન) | | | | | | | FA (સંયુકત) | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ફકરો લેખન | લેખન કાર્ય નિબંધ | પત્ર લેખન | સર્જનાત્મક લેખન કાર્ય | એસાઇમેન્ટ | સંદર્ભ સહિત વ્યાખ્યા | ઉચ્ચ કક્ષા વૈચારિક ક્ષમતા | વાંચન વાર્તાલાપ | વાંચન કાર્ય | જૂથ કાર્ય | નાટય રૂપાંતર | વકતૃત્વ સ્પર્ધા | ગદ્ય, લેખન, પ્રશ્નો | કુલ ગુણ કોઇપણ ૧૦ પ્રવિધિના | ૫૦ ટકામાં રૂપાંતર કરવું | S.A-1 50 | કુલ |
| | | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૧ | ૧૩ | | | | |
| | ગુણ | 10 | 10 | 10 | 10 | 10 | 10 | 10 | 10 | 10 | 10 | 10 | 10 | 10 | 100 | 50 | 50 | 100 |

વિષયઃ સામાજિક વિજ્ઞાન/ વિજ્ઞાન અને ટેકનોલોજી માટેનું પત્રક

| અ.નં | વિદ્યાર્થીનું નામ | મૂલ્યાંકન ક્ષેત્ર (પ્રવિધિઓ) | | | | | | | (લેખિત / મૌખિક મૂલ્યાંકન) | | | | | | | | FA (સંયુકત) | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | લેખન ખ્યાલો | એસાઇમેન્ટ | વિશ્લેષણ | પ્રશ્નોત્તરી | કારણ દર્શાવો | પ્રયોગ શાળાનો ઉપયોગ | IT નો ઉપયોગ | પ્રોજેકટ | સંશોધન કાર્ય | ઉ.કક્ષાની વૈચારિક ક્ષમતા | જૂથ ચર્ચા | સેમિનાર વર્કશોપ | કલબ પ્રવૃત્તિ | ક્વિઝ | નકશા પૂર્તિ એસએસ માંથી | કુલ ગુણ ૧૦ પ્રવિધિના | ૫૦ ટકા માં રૂપાંતર કરવું. |
| | | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | | |
| | | 10 | 10 | 10 | 10 | 10 | 10 | 10 | 10 | 10 | 10 | 10 | 10 | 10 | 10 | 10 | 100 | 50 |

વિષયઃ ગણિત

| અ.નં. | વિદ્યાર્થીનું નામ | મૂલ્યાંકન ક્ષેત્ર (પ્રવિધિઓ) | | | | | | | (લેખિત / મૌખિક મૂલ્યાંકન) | | | | | | | | FA ૧/૨ (સંયુકત) | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | લેખિત એસાઇમેન્ટ MCQ | કોયડા ઉકેલ | તાર્કિક અભિયોગ્યતા | એપ્લીકેશન | માસિક ગણતરી | ડેટા હેન્ડલિંગ | ઉ.કક્ષાની વૈચારિક ક્ષમતા | પ્રયોગ શાળા કાર્ય | જુથ ચર્ચા | ક્વિઝ | પ્રોજેકટ | કલબ પ્રવૃત્તિ | વર્ગ ભાગીદારી | આઇ.ટી.નો ઉપયોગ | ગ્રાફ સ્કીલ એપ્લીકેશન | કુલ ગુણ 100 | 50 ટકા મ રૂપાતર |
| | | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | | |
| | | 10 | 10 | 10 | 10 | 10 | 10 | 10 | 10 | 10 | 10 | 10 | 10 | 10 | 10 | 10 | 100 | 50 |

કોઇ પણ 10 પ્રવિધિનો ઉપયોગ કરી સત્ર દીઠ મૂલ્યાંકન કરવું.

G:શાળાકીય મૂલ્યાંકન નોંધ.doc

# વિષયદીઠ શાળાકીય વાર્ષિક મૂલ્યાંકન પત્રક

વિષય : ........................................

વિષય શિક્ષકશ્રીનું નામ : ........................................
શાળાનું નામ : ........................................

| ક્રમ | બેઠક નંબર | વિદ્યાર્થીનું નામ | પ્રથમ સત્ર મૂલ્યાંકન | | | | | દ્વિતિય સત્ર મૂલ્યાંકન | | | | | પ્રથમ અને દ્વિતિય સત્રના સંયુકત ગુણ | કુલ 200માંથી 20 % ગુણ | નોંધ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | FA-1-2 | FA-1-2ના | SA-1 | SA-1ના | કુલ | FA-3-4 | FA-3-4ના | SA-2 (પ્રિલિમ) | SA-2ના | કુલ | | | |
| | | | 100 | 50 % | 100 | 50 % | 100 % | 100 | 50 % | 100 | 50 % | 100 | 200 | | |
| | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | |

શાળા કક્ષાએ થયેલ વિષયદીઠ મૂલ્યાંકનને 20% ગુણ પ્રમાણે બોર્ડમાં મોકલવા માટેનું પત્રક " સંગ્રહિત આંતરિક મૂલ્યાંકન પત્રક " (C. I. E. F.)

| ક્રમ | સીટ નં. | વિદ્યાર્થીનું નામ. | વિષયદીઠ મેળવેલ 20 માંથી ગુણ | | | | | Co-Scholastic (સહશૈક્ષણિક) ૫૦માંથી મેળવેલ ગુણ | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | ગુજરાતી | અંગ્રેજી | સા.વિ. | વિ.અને ટેકનો. | ગણિત | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |

ઉપર દર્શાવ્યા મુજબનું પત્રક શાળાકક્ષાએથી બોર્ડ દ્વારા 20 ગુણનું વર્ગીકરણ મેળવી શકશે.

- શાળાકીય આંતરીક મૂલ્યાંકનના જે તે વિષયના ૨૦ ગુણમાંથી વર્ગબઢતી માટે ૩૩% એટલે કે ૦૭ ગુણ મેળવવા ફરજીયાત રહેશે
- શૈક્ષણિક વર્ષના અંતે ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા બોર્ડ નકકી કરેલા પરીરૂપ મુજબ ૧૦૦ ગુણની જાહેર પરીક્ષા લેવામાંઆવશે. જેમાં દરેક વિષયમાં વિદ્યાર્થીએ મેળવેલા ગુણને ૭૦% ભારાંક આપી ૭૦ ગુણમાંથી મેળવેલા ગુણ દર્શાવાશે.
- બોર્ડ દ્વારા લેવાયેલ પાંચ ફરજીયાત વિષયોની જાહેર પરીક્ષામાં ૭૦ ગુણના ૩૩% એટલે કે ૨૩ ગુણ મેળવવાના ફરજીયાત રહેશે.
- વર્ગબઢતી પાંચ ફરજીયાત વિષયોમાં શાળાકીય આંતરીક મૂલ્યાંકનમાં ૨૦માંથી ૦૭ ગુણ તથા મૂલ્યો અને કૌશલ્યો ના ઓછામાઁ આછા ૧૭ ગુણ, બોર્ડની જાહેર પરીક્ષામાં ૭૦ માંથી ૨૩ ગુણ મેળવવા ફરજીયાત રહેશે.
- બોર્ડના ગુણપત્રકમાં પાંચ ફરજીયાત વિષયોમાં શાળાકીય આંતરીક મૂલ્યાંકનના ૨૦ ગુણ તથા બોર્ડની જાહેર પરીક્ષાના ૭૦ ગુણ =૯૦ ગુણમાંથી મેળવેલ ગુણ તથા સહ શૈક્ષણિક ક્ષેત્રેના (મૂલ્યો/કૌશલ્યો) ૧૦ ગુણનું વિષયદીઠ મૂલ્યાંકન થશે તેમજ મુખ્ય ૫ વિષયના ૫૦ ગુણમાંથી મેળવેલ ગુણ ગુણપત્રકમાં અલગથી દર્શાવવાના રહેશે.

| વિષય | ૭૦માંથી મેળવેલ ગુણ. | ૨૦માંથી મેળવેલ ગુણ. | કુલ ૯૦ ગુણમાંથી મેળવેલ ગુણ | પરસન્ટાઇલ રેન્ક |
|---|---|---|---|---|
| પ્રથમ ભાષા | | | | |
| દ્વિતિય ભાષા | | | | |
| ગણિત | | | | |
| વિજ્ઞાન અને ટેકનોલોજી | | | | |
| સામાજિક વિજ્ઞાન | | | | |
| કુલઃ- | /૩૫૦ | /૧૦૦ | /૪૫૦ | |
| મૂલ્યો અને કૌશલ્યોના મેળવેલ ગુણ | - | - | /૫૦ | |
| કુલઃ- | - | - | ૫૦૦ | |

**સહ શૈક્ષણિકઃ-**

- સહ-શૈક્ષણિક મૂલ્યાંકનમાં મૂલ્યો ( Values) ખાસ કરીને

  (૧) સહકારવૃત્તિ / આદરભાવ (૨) પ્રમાણિકતા (3) કરૂણા સંવેદનશીલતા દયાભાવ

  (૪) નેતૃત્વશકિત – અનુકરણ – વિનમ્રતા (૫) રાષ્ટ્રપ્રેમ- નાગરીક ભાવના –રાષ્ટ્રીય ચારિત્ર્ય

  **તેમજ જીવન કૌશલ્યો (Life Skils)**

  (1) Helth Menagment
  (2) Stress Menagment
  (3) Time Menagment
  (4) Enviourment Menagment
  (5) Finacial Menagment

  શાળા શિક્ષણ દરમ્યાન ઉપરોકત મૂલ્યો અને જીવન કૌશલ્યોનું વિદ્યાર્થીઓમાં ઘડતર થાય તે જરૂરી છે. તે માટે અનેક વિધ સહ-અભ્યાસ પ્રવૃત્તિઓનું શાળામાં આયોજન થવું જરૂરી છે.

- શૈક્ષણિક વર્ષ દરમ્યાન વિદ્યાર્થીઓનું સહ-શૈક્ષણિક મૂલ્યાંકન ખાસ કરીને અવલોકન દ્વારા થઇ શકશે. **અને આ બાબતનું મૂલ્યાંકન કરીને જાહેર પરીક્ષાના પરિણામમાં (ગુણપત્રક) સ્થાન આપવામાં આવે તો તેનું મહત્વ ચોકકસ જળવાઇ રહેશે.**
- સહ- શૈક્ષણિક મૂલ્યાંકનમાં દર્શાવેલ મૂલ્યો (Values)અને જીવન-કૌશલ્યો (Life skills)નું મૂલ્યાંકન શાળામાં શિક્ષકો દ્વારા વિદ્યાર્થીની સહ-અભ્યાસીક પ્રવૃત્તિઓની સહભાગીદારીતાને ધ્યાનમાં લઇને પંચબિંદુ કોઠા દ્વારા કરવાનું રહેશે.
- મૂલ્યોના માપન માટે પંચબિંદુ કોઠાનો ઉપયોગ કરવો અને ૫૦ ગુણમાંથી ગુણ આપવા તથા જીવન કૌશલ્યોના માપન માટે પણ પંચબિંદુ કોઠાનો ઉપયોગ કરી મૂલ્યાંકન કરવું. ૫૦ ગુણમાંથી ગુણ મુકવા માટે નીચેની બાબતો ધ્યાનમાં લેવી.

# Life skills.

**Thinking skills :-**

- **Is original flemible and imaginative.**
- **Raises questions, identifies & analyses problems.**
- **Implements a well thought out decision & takes responsibility.**
- **Generates new ideas with fluency.**
- **Elaborates/builds on new ideas.**
- **Shows creativity during class activities.**
- **Accepts the challenge enthusiastically.**
- **Tries to go beyond conditioned set up.**
- **Volunteers for special assignments.**
- **Tries different ways of doing a single activity.**
- **Applies knowledge or skills in new situations.**

**Social Skills :-**

- **Show patience during a group task for slow learners.**
- **Tries to help a classmate who is feeling low.**
- **Appreciates the ideas & qualities of others.**
- **Feels comfortable sharing his/her ideas with others.**
- **Ready to correct the mistakes the teacher point out in his work.**
- **Maintains a comfortable level of eye contact.**
- **Exhibits appropriate behaviors in groups.**

**Empathy :-**

- **Listens actively.**
- **Communicates using appropriate words & body language.**
- **Responds to others emotions in an empathetic manner.**
- **Gets along well worth others.**
- **appreciates ideas & qualities of others.**

**Cooperation :-**

- **Helps classmates during a groups task.**
- **Appreciates involvement of class mates in a task.**
- **Helps others in need of help.**
- **Maintains discipline & deacon during team work.**
- **Allows/accepts ideas of teammates.**

**Leadership :-**

- **Proactive approach to tasks.**
- **Assumes responsible roles.**
- **Identifies, Verbalize his ideas effected and appropriately.**
- **Is able to inspire other class mates.**
- **Sensitive to differences cumdag peer in ability, religions, belief, gender culture etc.**

**Respect :-**

- **Respects classmates, teachers & school rule.**
- **Demonstrates attendees conducive to learning.**
- **Displays respect towards school property.**
- **Shares healthy support.**
- **Respects environment.**

**Discipline :-**

- **Neat and well groomed.**
- **Is punctual & regular in attending school & school programmes.**
- **Takes citation is the right sport.**
- **Understands importance of rtes & respects full them.**
- **Shoots +ve behavior & does not disrespect others.**

**Honesty :-**

- **Aware of his own strength & weakness.**
- **Accepts his mistakes & readily tries to improve.**
- **Accepts truly strengths/ideas of others.**
- **Clear and forth right in dealings worth others.**
- **Tries to complete work assigned with dedication and punctuality.**

**Citizenship :-**

- **Shows respect towards our country.**
- **Respects diversity, culture & opinions.**
- **Involves in activities concerning the society.**
- **Aware of national issues.**
- **Sensitive towards rights & duties of self & others.**

**Should be graded/evaluated on a scale for each value.**

| | | |
|---|---|---|
| **Exhibits all indicators** | **Points 5** | **always** |
| **Many** | **4** | **most of** |
| **Some** | **3** | **some time** |
| **Few** | **2** | **rarely** |
| **Very few** | **1** | **Manar** |

ઉપરોકત પંચબિંદુ કોઠા પરથી ૫૦ grad Point માંથી મેળવેલા grad Point ના આધારે મૂલ્યો તેમજ જીવન કૌશલ્યોને ગ્રેડમાં નીચે મુજબ રૂપાંતર કરી દરેક વિદ્યાર્થીમાં જોવા મળતા વિશિષ્ટ મૂલ્યો તેમજ જીવન કૌશલ્યોને કોઇ શ્રેષ્ઠ gradi indicaton દ્વારા દર્શાવવા જે વિદ્યાર્થીના જીવન માટે પ્રેરક બની રહેશે.

| | | |
|---|---|---|
| **41 થી 50** | | **A+** |
| **31 થી 40** | | **A** |
| **21 થી 30** | | **B+** |
| **11 થી 20** | | **B** |
| **0 થી 10** | | **C** |